


લબુબુની રામાયણ



એલા, આ વાંદરી જેવું શું સે? આ ઢીંગલી સે? તું આ સોકરિયુંની જેમ ઢીંગલીએ રમવાનો? એના દાંત તો જો! વાંદરીની જેમ દાંતિયા કેમ કરે સે પણ?

હસુમતીબેનને નવો મોબાઈલ મળ્યાને વધીને ચાર દિવસ જ થયા હતા. ત્યાં એમના પૌત્ર બંટીએ સવારસવારમાં દાદીને હલબલાવીને ઉઠાડ્યાં.

"દાદી, મને લબુબુ ડોલ જોઈએ. મમ્મી નથી લાવી દેતી તો તમે મને મંગાવી દો." બંટીએ આંખો ચોળતાં હસુમતીબેનને કાંકરીચાળો કર્યો. પલંગ નીચે કોઈએ સૂતળી બોમ્બ ફોડ્યો હોય એમ હસુમતીબેન ગભરાઈ ગયાં.

એક તો ચાર દિવસ પહેલાં આવેલા મોબાઈલમાં હજુ કથા અને પારાયણ જોવાનું માંડ શીખ્યાં હતાં, ત્યાં આ બંટી 'લાંબી ડોલ' માગે.

"તે તારે ડોલનું કામ શું સે પણ? તારે કાં કપડાં ધોવાનાં સે? આપણાં બાથરૂમમાં તો ત્રણ ડોલ સે. તારી મા તોય મહિને કપડાં આલી દે સે. આ ઉંમરે ડોલ લઈને તું ક્યાં જવાનો?" હસુમતીબેને ભાષણ ઠપકાર્યું.

"અરે દાદી યુ ડોન્ટ અંડરસ્ટેન્ડ. ડોલ એટલે ગુજરાતીમાં શું કહેવાય પેલી ગર્લ્સ રમે એ." બંટી જાણે મૂકબધિર લોકોને સમજાવવા વપરાતી હાથની ભાષાનો જાણકાર હોય એમ બે હાથ વડે ઢીંગલીનો આકાર હસુમતીબેનને દેખાડવા લાગ્યો.

હસુમતીબેન કંઈ સમજ્યાં નહીં. એમણે માથામાં ટોલા પડ્યા હોય એમ માથું ખંજવાળ્યું. બંટી એમ હાર માને એમ નહોતો. એને યાદ આવ્યું કે દુનિયાના દરેક દુભાષિયાએ અંતે તો દૃશ્યોની મદદ વડે જ સમજાવ્યું છે. એણે હસુમતીબેનનો મોબાઈલ હાથમાં લીધો અને લબુબુનો ફોટો ગૂગલ કર્યો. ફોટો જેવો હસુબા સામે ધર્યો કે બા તો છળી મર્યાં.

"એલા, આ વાંદરી જેવું શું સે? આ ઢીંગલી સે? તું આ સોકરિયુંની જેમ ઢીંગલીએ રમવાનો? એના દાંત તો જો! વાંદરીની જેમ દાંતિયા કેમ કરે સે પણ?" હસુબા મોબાઈલથી બે ફૂટ દૂર ખસી ગયાં.

"યસ ઢીંગલી. ક્યારનો યાદ કરતો હતો કે આને ગુજરાતીમાં શું કહેવાય? દાદી, ઈટ્સ ઇન ટ્રેન્ડ નાઉ. મારે આ જોઈએ અને મમ્મી લાવી નથી આપતી. એ કહે કે ખોટા એક્સપેન્સિસ નહીં કરવાના. મારા બધા ફ્રેન્ડ્સ પાસે છે. મારે પણ એક જોઈએ." બંટીએ પગ પછાડ્યા.

બંટી પગ પછાડે એટલે હસુમતીબેનની હાલત મંદિરે ભરબપોરે ચપ્પલ ચોરાયાં હોય એવા શ્રદ્ધાળુ જેવી થઈ જાય. પગ બળે પણ દર્શન કર્યા વગર રહેવાય નહીં. જેમ મતદારની દુ:ખતી રગ પીઢ રાજકારણી જાણે અને ફાયદા માટે ઉપયોગ કરે એમ બંટી હસુબા પાસેથી આ રીતે જાતજાતના લાભ લેતો.

પ્રશ્ન એ હતો કે હસુબા આ વાંદરી જેવી લાગતી ઢીંગલી માટે હથિયાર ક્યારે નીચે મૂકશે?"આવી વાંદરી જેવી ઢીંગલી તારે કેમ લેવી સે પણ? આના બદલે ભણવામાં કામ આવે એવું લેવાય. પાટી કે પેન લેવાય." હસુબાએ લવિંગની લાકડી જેવી મજબૂત દલીલ કરી.

"દાદી, યુ આર સો ઓલ્ડ ફૅશન્ડ. પાટી? આર યુ સિરિયસ? તમે મને ફોન આપો ખાલી. પપ્પાએ તમારામાં ગૂગલ પે નાખ્યું છે એ મને ખબર છે. મને ખાલી ફોન આપી દો." બંટી જીતેલા જનરલની જેમ બોલ્યો.

સાતબારના ઉતારા વ્યાજખોરને આપતા ખેડૂતની જેમ હસુબાએ વિલા મોઢે મોબાઈલ બંટી સામે ધર્યો.

દસેક મિનિટમાં સરંભડા ગામનાં હસુમતીબેન પંડ્યાના નામે એમેઝોન પર એક લબુબુ ડોલ ઉધાર બોલતી હતી.

x x x

"હસુબા, કેમ હમણાં હાવ કરમાયેલાં લાગો સો?" મંદિરના ચોગાનમાં બેઠેલી ભજનમંડળીના સ્વયંઘોષિત પ્રમુખ કાશીબાએ ખૂણામાં ચૂપચાપ બેઠેલાં હસુબાને પૂછ્યું.

"સુ કવ બુન, આ મારો પોતરો જમડાની બેન જેવી લાભુ-ભુ બળ્યું, મને તો નામેય નથ આવડતું લાયો સે ત્યારથી ઘરમાં નીંદર જ નથ આવતી. આયખું બંધ કરું ને હારી દાંત કાઢતી દેખાય સે." હસુબા બોલ્યાં. "શું વાત કરો સો હસુબા? એ લાભુડી ઢીંગલી તો બાપા ધનોતપનોત કાઢી નાખે સે. અમાર બાજુના ફ્લેટમાં રે'તા સવિતાબુનના છોકરાના બે પેન્ટ ફાટી જ્યા. એની વવને બે દી' તાવ આવી જ્યો. ઘરે ભૂવાને બોલાયો તો એણે કીધું કે કોઈ ચાઈનીજ ભૂત ગરી ગ્યુ સે ઘરમાં. પસી ચાઈનીજ નાસ્તો ગરીબોમાં વેચીને લાભુડીને તળાવમાં પધરાઈ આયાં, ત્યારે માંડ ઘરમાં શાંતિ થઈ." કાશીબાએ માહિતી આપી.

"મારા બંટીને ય તાવ તો આવે સે, પણ આ મારા ઘરમાં કોઈ ભૂવામાં માને નય. હંધાય ભણતરના પુસડા સે." હસુબાએ તાં લાવેલા. બે દી'માં એના ગરમ ચા જેવો નિસાસો નાખ્યો.

દાદી, યુ આર સો ઓલ્ડ ફૅશન્ડ. પાટી? આર યુ સિરિયસ? તમે મને ફોન આપો ખાલી. પપ્પાએ તમારામાં ગૂગલ પે નાખ્યું છે એ મને ખબર છે. મને ખાલી ફોન આપી દો



"તારે તો એક જ કારી ફાવશે તમારે તા." કાશીબાએ હસુબાને નજીક બોલાવીને કાનમાં મંત્ર ફૂંક્યો.

x x x

સ્કૂલે જતા બંટીની નજર એના રૂમના શોકેસ ઉપર પડી. લબુબુ ગાયબ હતી. એ સીધો જ હસુમતીબેનના ઓરડામાં ગયો. હસુમતીબેન એક આંખ ઝીણી કરીને માળા ફેરવી રહ્યાં હતાં.

"દાદી, વ્હેર ઇઝ ક્રિના?" એણે ઊંચા અવાજે પૂછ્યું.

"કોણ કરીના?" હસુમતીબેનના મગજની બતીમાં વીજળી ઓછી પહોંચી. એમની બતી થઈ નહીં.

"અરે મારી લબુબુ ડોલ. પેલી શું કહેવાય ઢીંગલી." બંટી અને ગુજરાતી શબ્દો એટલે પાક્કા દુશ્મન.

"એ તો મેં રોકડિયા હનુમાનના મંદિરે ચડાવી દીધી." હસુમતીબેન કોઈ રીઢા ગુનેગારની જેમ બોલી ગયાં. માળા તો ધીમી ગતિના સમાચારની જેમ ચાલુ જ હતી.

"વ્હોટ? ચડાવી દીધી મીન્સ?" બંટીએ માથું ખંજવાળ્યું.

"તું માંદો હતો તો મેં માનતા માનેલી કે તાવ ઊતરી જાય તો તારી સૌથી ગમતી ચીજ રોકડિયા હનુમાનજીને આપી દઈશ. મને ખબર, તને કરીના બવ ગમે." હસુમતીબેન દૂધમાં જરાય પાણી નથી એવું કહેતા દૂધવાળા જેવું ખંધું હસ્યાં. "ક્રિના કરીના નહીં. મારે કાલેને કાલે ક્રિના પાછી જોઈએ. હાઉ કેન યુ ડુ ધેટ?" બંટીએ પગ પછાડ્યા.

"બંટી, પણ તારે તેલવાળી થયેલી કરીના હાલશે?" હસુમતીબેને ઠંડા કલેજે કહ્યું.

"તેલવાળી એટલે?"

"મારી માનતા હતી કે તારી ગમતી ચીજ ઉપર સરસિયાનું તેલ ચડાવીને હનુમાનદાદાને આપીશ."

ખૂન કરીને સહેજેય પસ્તાવો ન હોય એવા અપરાધી જેવું મોઢું હસુમતીબેનનું હતું.

બંટીના મગજનો પારો અભિષેક શર્માએ મારેલી સિક્સ જેટલો ઊંચો જતો રહ્યો.

"બંટી દીકરા, હું બીજી લાવી દઈશ. તું ચિંતા નો કરતો. કરીના હવે હનુમાનજીના હવાલે. દાદા એને સાચવશે." હસુમતીબેને છત તરફ જોઈને હાથ જોડ્યા.

બંટી ઓનલાઇન ગેમમાં પૈસા હારેલા છોકરાની જેમ પગ ઢસડતો ચાલ્યો ગયો.

x x x

"દાદી, ઈટ્સ ટાઇમ. મારે બીજી લબુબુ જોઈએ."

"હા પણ હવે મારા ફોનમાં પેલું પૈસા આપતું ખાતું નથ."

"કેમ? શું થયું?"

"મારે આમેય ક્યાંય કામ નો'તું આવતું. તારા બાપાને કીધું કે નકામા એમાંથી પૈસા વ્યા જાય એના કરતાં બંધ કરી દે. આજકાલ ગયઢાવને મોબાઈલમાં પૂરીને પૈસા કઢાવે સે બવ."

નરેન્દ્રસિંહ રાણા

"એ ને ડિજિટલ અરેસ્ટ કહેવાય. વ્હોટ અબાઉટ ડોલ? પપ્પા મને લેવા નહીં દે."

"તું પ્લાસ્ટિકવાળાને ત્યાંથી ડોલ અને ટમડર લઈ આય."

"સિરિયસલી દાદી. યુ પ્લેડ મી."

"તારે કરીનાને જોવા આવવું હોય તો કાલે મંદિરે આવજે."

બંટી હારેલા સેનાપતિની જેમ માથું નીચું કરીને ચાલ્યો ગયો.

x x x

હસુમતીબેન જ્યારે મંદિરે જાય ત્યારે રોકડિયા દાદાની બાજુમાં પડેલી તેલમાં પલળેલી કરીનાને જોઈ લે છે. જાણે હનુમાનદાદાએ છેક હોંગકોંગ જઈને વધ કર્યો હોય એવી રાક્ષસણી. એના બહાર નીકળેલા દાંતમાં સરસિયાનાં તેલના ડાઘ છે. હસુમતીબેનને કાયમ લાગે કે એમની સામે એ રોટલી માગતી ગાયની જેમ જુએ છે. મંદિરે હવે લબુબુ ઢીંગલીઓની સંખ્યા પણ વધતી જાય છે. ઢીંગલીઓ પાસે પાંચ-દસ રૂપિયા પણ પડેલા જોવા મળે છે. હે હનુમાનદાદા, તમે જેવા હસુમતીબેનને ફળ્યા એવા સૌને ફળજો.









